1. સામાજિક સમસ્યાની વ્યાખ્યા આપો. (March 18)

➢ અમેરિકાની મિશિગન યુનિવર્સિટીના વિદ્વાન રિચાર્ડ સી. ફૂલર અને રિચાર્ડ માયર્સ સામાજિક સમસ્યાની વ્યાખ્યા આપતાં જણાવે છે કે, સામાજિક સમસ્યા એટલે વ્યવહારનાં એવાં પાસાંખો કે પરિસ્થિતિઓ, જેને સમાજના કે સમૂહના નોંધપાત્ર સંખ્યાના લોકો અનિચ્છનીય ગણતા હોય. સમાજના આ નોંધપાત્ર સંખ્યાના લોકો એવી માન્યતા ધરાવતા હોય છે કે આવી અનિચ્છનીય પરિસ્થિતિને નિવારવા માટે અને સમસ્યાના વ્યાપને ઘટાડવા માટે સુધારાવાદી નીતિઓ, કાર્યક્રમો અને સેવાઓની આવશ્યકતા ઊભી થાય છે.

2. 'અસમાન જાતિ પ્રમાણ' એટલે ?

➢ 'જાતિ પ્રમાણ' એટલે દર હજાર પુરષોએ મહિલાઓની સંખ્યા દર્શાવતું માપ. અસમાન જાતિપ્રમાણ એટલે સમાજમાં પુરુષોની સંખ્યાની સરખામણીમાં મહિલાઓની ઓછી કે વધારે સંખ્યા હોવાનો નિર્દેશ.

3. ક્યાં પરિવર્તન નિપજાવતાં પરિબળોએ અનેક નવી સામાજિક સમસ્યાઓને જન્મ આપ્યો છે?

➢ ભૌગોલિક અને પર્યાવરણીય પરિવર્તનો, શહેરીકરણ,ઔદ્યોગીકરણ, વિજ્ઞાન અને ટેક્નોલૉજી ક્ષેત્રમાં વિકાસ, નવાં નવાં વ્યક્તિવાદી મૂલ્યો અને કાયદાઓનો વિકાસ જેવાં પરિવર્તન નીપજાવતાં પરિબળોએ અનેક નવી સામાજિક સમસ્યાઓને જન્મ આપ્યો છે.

4. અમેરિકન વિદ્વાન પી. બી. હોર્ટન અને જી. આર. લેસ્લીએ સામાજિક સમસ્યાની કઈ વ્યાખ્યા આપી છે?

➢ અમેરિકન વિદ્વાન પી. બી. હોર્ટન અને જી. આર. લેસ્લી સામાજિક સમસ્યાની વ્યાખ્યા આપતાં જણાવે છે કે, ''સામાજિક સમસ્યા એવી પરિસ્થિતિ છે જે લોકોની નોંધપાત્ર સંખ્યાને અનિચ્છનીય રીતે કરે છે અને આવી પરિસ્થિતિ અંગે સામૂહિક પગલાં દ્વારા કંઈક શકાય તેમ છે તેવી માન્યતા લોકો ધરાવતાં હોય છે.''

5. વિશ્વના દેશોમાં એઇક્સનો રોગ કઈ રીતે ઝડપથી ફેલાઈ

➢ ઈ. સ. 1981માં અમેરિકામાં સર્વપ્રથમ એઇડ્યનો દર્દી જોવા વિધાયો હતો. અમેરિકાના લોસ એંજિલીઝમાં સજાતીય સંબંધો ધરાવતા પુરુષોમાંથી આ રોગ ધીમે ધીમે ડ્રગ્સના ઈજેક્શન લેતાં વ્યસનીઓમાં અને ત્યારપછી લગભગ વિશ્વના તમામ દેશોમાં આ રોગ ખૂબ ઝડપથી ફેલાઈ ગયો.

6. એઇડ્રસના વાઇરસ માનવશરીરમાં કેવી રીતે પ્રવેશે છે તે અંગેની સમજ કોણે આપી છે?

➢ એઇસના વાઇરસ માનવશરીરમાં કેવી રીતે પ્રવેશે છે તે અંગેની સમજ ડો. પ્રકાશ વૈષ્ણવ અને ડૉ. વ્રજલાલ પટેલે પોતાના પુસ્તક 'એઇડ્યુ આ યુગનો મહાકાળ'માં આપી છે.

7. જહૉન એ. ક્લોસેને નશીલાં દ્રવ્યોના વ્યસન અંગે કઈ રજૂઆત કરી છે?

➢ જહૉન એ. ક્લોસેને નશીલાં દ્રવ્યોના વ્યસન અંગે રજૂઆત કરી છે કે, "નશીલાં દ્રવ્યોનું વ્યસન એ સુખદાયક અસર પેદા કરવા માટે કે દુઃખદર્દથી દૂર રહેવા માટે ઉપભોગ કરેલા રાસાયણિક પદાર્થ પ્રત્યેની મનોશારીરિક પ્રતિક્રિયા છે.''

8. સામાજિક સમસ્યા ક્યારે ઉદ્ભવે છે?

- સમાજના સભ્યો જ્યારે તેમની પાસે રાખવામાં આવતી સામાજિક અપેક્ષાઓથી વિરુદ્ધ પ્રકારનું વર્તન કરે છે ત્યારે સામાજિક સમસ્યાઓનો ઉદ્ભવ થાય છે.

9. ઈ. સ. 2011ના સેન્સસ મુજબ ગુજરાતમાં જાતિપ્રમાણ જણાવો.

- ઈ. સ. 2011ના સેન્સસ મુજબ ગુજરાતમાં જાતિપ્રમાણ 918 છે.

10.કન્યા ભ્રૂણહત્યા કોને કહેવાય? (July 18)

- વિજ્ઞાન અને ટેક્નોલૉજીના વિકાસને કારણે સોનોગ્રાફીની મદદથી ગર્ભમાં રહેલા બાળકની જાતિનું પરીક્ષણ થઈ શકે છે. ગર્ભમાં રહેલું બાળક જો કન્યા જાતિનું હોવાનું માલુમ પડે, તો ગર્ભપાત દ્વારા ભ્રૂણની હત્યા કરવામાં આવે છે આને કન્યા ભ્રૂણહત્યા કહેવાય.

11. 'ઑનર કિલિંગ' કોને કહેવાય?

- મહિલા દ્વારા થયેલા કોઈ કાર્ય કે પ્રવૃત્તિના કારણે સમગ્ર પરિવારે પોતાનું ગૌરવ હણાયું હોય અથવા શરમજનક સ્થિતિમાં મુકાવું પડ્યું હોય તેવું અનુભવાય અને પરિવારના સભ્યો દ્વારા જ તે મહિલાની હત્યા કરવામાં આવે તે ઘટનાને 'ઑનર કિલિંગ' કહેવાય.

12. 'Hav' શબ્દનો પૂરો અર્થ આપો.

- 'HIV' એટલે 'Human Immunodeficiency Virus' શરીરમાં રચૈંફનો વાયરસ પ્રવેશે એટલે થોડાં વર્ષો પછી વ્યક્તિને એઇડ્ચ થાય છે.

13. ભારતના કયા રાજયોમાં 'ઓનર કિલિંગ'ની ઘટના સવિશેષ જોવા મળે છે ?

- ભારતના પંજાબ, હરિયાણા, બિહાર, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, ઝારખંડ, હિમાચલ પ્રદેશ અને મધ્ય પ્રદેશ રાજયોમાં 'ઑનર કિલિંગ'ની ઘટના સવિશેષ જોવા મળે છે.

14. કોના અહેવાલ મુજબ ભારતમાં વર્ષ 2011માં 15થી 49 વર્ષની ઉંમરની વ્યક્તિઓમાં એચઆઈવીગ્રસ્ત દર્દીઓની સંખ્યા 20.89 લાખ હતી?

- NAC (નેશનલ એઇડસ કન્ટ્રોલ ઑર્ગેનાઇઝેશન નાકો)ના વર્ષ 201314ના અહેવાલ મુજબ ભારતમાં વર્ષ 2011માં 15થી 49 વર્ષની ઉંમરની વ્યક્તિઓમાં એચઆઈવીગ્રસ્ત દર્દીઓની સંખ્યા 20.89 લાખ હતી.

15. ભારતમાં કોણે એક સેક્સવર્કરને એચઆઈવી હોવાનું નિદાન કર્યું હતું?

- ભારતમાં ઈ. સ. 1986માં ચેન્નઈમાં સૌપ્રથમ ડો. સુનીતિ' સોલોમને એક સેક્સવર્કરને એચઆઈવી હોવાનું નિદાન કર્યું હતું.

16. એઈસના વાયરસ મુખ્યત્વે કયાં ચાર માધ્યમો દ્વારા વ્યક્તિનાં શરીરમાં પ્રવેશે છે ?

➢ એઈસના વાયરસ મુખ્યત્વે આ ચાર માધ્યમો દ્વારા વ્યક્તિના શરીરમાં પ્રવેશે છે : (1) જાતીય સંબંધ દ્વારા, (2) લોહી દ્વારા, (3) માતા દ્વારા અને (4) જંતુયુક્ત સાધનો દ્વારા.

17. કોના વાર્ષિક અહેવાલ મુજબ ઈ. સ. 2012માં સમગ્ર ભારતમાં 24,923 બળાત્કારના ગુનાઓ નોંધાયા હતા?

➢ 'નૅશનલ ક્રાઇમ રેકર્ડ્સ બ્યુરો 2013'ના વાર્ષિક અહેવાલ મુજબ ઈ. સ. 2012માં સમગ્ર ભારતમાં 24,923 બળાત્કારના ગુનાઓ નોંધાયા હતા.

18. કયા દેશોમાં 'ગે રિલેશન' અને 'લેસ્બિયન રિલેશન સંબંધોને સરકારે માન્યતા આપી છે?

➢ અમેરિકા, આફ્રિકા અને ઇંગ્લેન્ડમાં 'ગે રિલેશન' અને 'લેસ્બિયન રિલેશન' સંબંધોને સરકારે માન્યતા આપી છે.

19. નશીલાં દ્રવ્યોના વ્યસનનાં માઠાં પરિણામો અંગે સૌપ્રથમ ક્યારે વિચાર કરવામાં આવ્યો ?

➢ ઈ. સ. 1925માં સંયુક્ત રાષ્ટ્રસંઘના 'જિનીવા ડ્રગ્સ કન્વેશન'માં નશીલાં દ્રવ્યોના વ્યસનનાં માઠાં પરિણામો અંગે સૌપ્રથમ વિચાર કરવામાં આવ્યો.

20. 'એનોમીની પરિસ્થિતિ' એટલે શું?

➢ 'એનોમીની પરિસ્થિતિ' એટલે સાંસ્કૃતિક ધોરણોમાં ભંગાણ સુચવતી પરિસ્થિતિ. સાંસ્કૃતિક ધોરણો, ધ્યેયો અને તેને પ્રાપ્ત કરવાનાં સાધનો વચ્ચે પ્રવર્તતી તંગદિલીના કારણે એનોમીની પરિસ્થિતિ સર્જાય છે.

21. 'સામાજિક વિમુખતા' એટલે શું? (March 19)

➢ જ્યારે વ્યક્તિ પોતાની જાત કે સમાજથી એક પ્રકારનુંઅળગાપણું અનુભવે ત્યારે તેવી પરિસ્થિતિને સામાજિક વિમુખતા' કહે છે

22. ભારતનાં ક્યાં રાજ્યોમાં નશીલાં દ્રવ્યોની હેરાફેરીનો વેપાર સૌથી વધુ વિકસેલો છે ?

➢ ભારતનાં પંજાબ, રાજસ્થાન, આંધ્ર પ્રદેશ, નાગાલેન્ડ, મણિપુર, બિહાર વગેરે રાજ્યોમાં નશીલાં દ્રવ્યોની હેરાફેરીનો વેપાર સૌથી વધુ વિકસેલો છે.